ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૭

અંક : ૧

## પતંગનો ઈતિહાસ

માનવીમાં સંશોધનાત્મક અને સર્જનાત્મક શકિત છે. પંખીને હવામાં ઉડતા જોઈ બીજી કોઈ ચીજ પણ આ રીતે ઉડાડી શકાય તેમ લાગતા તે અંગેના વિવિધ પ્રયોગો બાદ ચીનમાં પતંગની શોધ થઈ. ઈ.સ. ૬૧૮ થી ૯૦૭ દરમ્યાન પતંગ સ્પર્ધા ત્યા રાષ્ટ્રીય રમત બની ગઈ. ચીનમાં પતંગને બર્ગોન કહે છે. ત્યાંના ઘણા લાંબા પતંગ ડ્રેગન કાઈટ (રાક્ષસી પતંગ) તરીકે જાણીતા છે. સુર્ય, વિમાન, ગરૂડ વગેરે વિવિધ આકારના પતંગો ત્યા બને છે. પતંગ ચગાવવાની શરૂઆત અઢી હજાર વર્ષ પહેલા ચીનમાં થઈ હતી. ચીનમાં કાગળ અને રેશમની શોધ સૌ પ્રથમ થઈ હતી. ચીનમાં વાંસ પણ પુષ્કળ થાય છે. આ ત્રણે વસ્તુઓ સહેલાઈથી મળતા ચીનમાં કાગળના પતંગ બનાવવાની શરૂઆત થઈ. ચીનમાં પાંચમી સદીમાં મોઝી અને લુંબાન નામના સાધુઓએ પ્રથમવાર કાગળના પતંગ ચગાવ્યાની ઈતિહાસમાં નોંધ છે. ૧૬ મી અને ૧૭ મી સદી દરમ્યાન પતંગ ચગાવવાની પ્રથા વિશ્વના ઘણા દેશોમાં પરંપરા બની ગઈ. રાઈટ ભાઈઓએ વિમાનની શોધ પણ પતંગમાંથી પ્રેરણા લઈને કરેલી. ઈ.સ.૧૮૬૦ થી ઈ.સ.૧૯૧૦ નો ગાળો પતંગ માટે સુવર્ણકાળ બન્યો. વિજ્ઞાનીઓ હવામાનનો અભ્યાસ કરવા. એરીયલ ફોટોગ્રાફી કરવા, વિમાનના મોડેલો બનાવવાના પ્રયોગો કરવા પતંગનો ઉપયોગ કરવા લાગ્યા. પતંગની જેમ ઉડતા ગ્લાઈડર પણ શોધાયા, બીજા વિશ્વ યુધ્ધમાં પતંગનો ઉપયોગ સંદેશા મોકલવા માટે પણ થવા લાગ્યો. બેન્જામીન ફ્રેન્કલીને વાવઝોડામાં પતંગ ચગાવી આકાશમાં થતી વીજળીમાં કરંટ હોવાની શોધ કરેલી આમ, પતંગ સદીઓથી આકર્ષણનું કેન્દ્ર બની છે.

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.

**– ટપક ટીમ**

**જે કામ તમે જાતે કરી શકો છો તે બીજાને સોંપો નહી.**

## પેન્સિલની કથા

દાદીમા કાગળ લખી રહ્યાં હતાં એ કૌશલ જોઈ રહ્યો હતો. પછી એકાએક એણે પૂછ્યું આપણે અહીં શું કર્યું છે તેની વાત તમે લખો છો દાદીમા ? કે પછી મારી વાત લખો છો? દાદીમાએ પત્રલેખનની પ્રવૃત્તિ અટકાવીને પૌત્ર તરફ જોઈ કહ્યું, હા, ખરેખર હું તારા વિશે જ લખું છું પણ જે શબ્દ હું લખું છું તેના કરતાં જે પેન્સિલથી હું લખું છું તે વધારે મહત્ત્વની છે. તું મોટો થઈશ તો તને પણ આ પેન્સિલ ગમશે. કૌશલે કુતૂહલથી પેલી પેન્સિલ તરફ જોયુ એને એમાં કંઈ વિશિષ્ટ જણાયું નહીં. આથી એણે કહ્યું : પણ આ તો બીજી પેન્સિલ જેવી જ છે ! એનો આધાર તું કઈ દ્રષ્ટિએ વસ્તુને જુએ છે, એના ઉપર છે. આ પેન્સિલમાં એવા પાંચ ગુણો છે જેને તું જો જીવનમાં ઉતારે તો માણસ તરીકે જગતમાં તને કોઈ પ્રશ્ન નહીં થાય.

પહેલો ગુણ : તું મહાન કાર્યો કરવાની શક્તિ ધરાવે છે. પણ તારે એ ભૂલવું ન જોઈએ કે પ્રત્યેક કદમ પર દોરનાર કોઈનો હાથ છે. આપણે એને ભગવાનનો હાથ માનીએ છીએ, જે એની ઈચ્છા અનુસાર આપણને દોરે છે.

બીજો ગુણ : થોડી થોડી વારે મારે લખવાનું અટકાવીને સંચો લઈને પેન્સિલની અણી કાઢવી પડે છે. એને કારણે પેન્સિલને છોલાવું પડે છે. થોડુંક સહન કરવું પડે છે. પણ પછી તે વધારે ધારદાર બને છે. તારે પણ કેટલુંક દર્દ તથા દુઃખ વેઠવા તૈયાર રહેવું જોઈએ. એનાથી તું ઘડાશે અને સારો માણસ બનશે.

ત્રીજો ગુણ : પેન્સિલથી લખવામાં એક સુખ છે. કંઈ ભૂલ થઈ જાય તો રબરથી તે ભૂંસી શકાય છે. કંઈક ખોટું થઈ ગયું હોય તો તેને સુધારી લેવું એ કંઈ ખરાબ વાત નથી. તેથી જીવનના માર્ગ પર આપણે આપણી જાતને ન્યાય આપી શકીએ છીએ.

ચોથો ગુણ : પેન્સિલની બાબતમાં બહારના લાકડાનું એટલું મહત્ત્વ નથી જેટલું અંદરના પાતળા, કાળા સીસાનું છે. તેથી તમારી અંદર શું ચાલી રહ્યું છે તેના તરફ હંમેશાં વધારે ધ્યાન આપો.

હવે પેન્સિલનો પાંચમો ગુણ : એ હંમેશાં પોતાની છાપ છોડે છે. તારે પણ એ વાતનું ખાસ ધ્યાન રાખવાનું છે કે તું જે કાર્ય કરે તેની છાપ રહેવી જોઈએ. તેથી તારે એક–એક પગલું વિચારીને ભરવું જોઈએ.

**– પાઉલો કોએલ્હો**

(સારાનુવાદ : કાન્તિ પટેલ)

***જો માનવી શીખવા માંગે તો એની દરેક ભુલ એને કંઈકને કંઈક શિખામણ આપે છે.***

**શિક્ષણ અત્યંત મહત્વપુર્ણ શા માટે?**

૧ એક સુખી અને સ્થિર જીવન માટે
૨ નાણા/પૈસા માટે
૩ સમાનતા માટે
૪ તમને સ્વનિર્ભર બનાવે
૫ તમારા સપનાને સાકાર કરે
૬ કપટ/છેતરપીંડીવાળા લોકોથી બચાવે
૭ દેશની આર્થિક વૃધ્ધિ માટે
૮ સમુદાય/ સોસાયટી માટે
૯ તમારો વિશ્વાસ વધારે
૧૦ આદર/માન – સન્માન માટે

આજના ઝડપી અને આધુનિક યુગમાં શિક્ષણએ ખુબ મહત્વનું છે. અહી ઉપર કેટલાંક મહત્વના તારણો આપ્યા છે કે શિક્ષણ શા માટે જરૂરી છે? આપણને આપણા રોજબરોજના જીવનમાં કયાંકને કયાંક એવા અનુભવો થતા હોય છે ત્યારે આપણે દરેકને એવુ લાગતુ હોય કે જયારે ભણવાની ઉંમર હતી ત્યારે આપણે ભણ્યા હોત તો આજે આવા દિવસો જોવાનો વારો ન આવ્યો હોત. પરંતુ ગુજરાતીમાં એક કહેવત છે જાગ્યા ત્યારથી સવાર. આપણે આપણા જીવનમાં જે નથી કરી શકયા એ આપણે આપણા બાળક પાસે કરાવી આપણા સપના પુરા કરીએ. આજના આ આધુનિક યુગના જાગૃત વાલી તરીકે આપણી ફરજ છે કે આપણે આપણા બાળકોને શિક્ષણ અપાવીએ પછી એ દીકરો હોય કે દીકરી બન્ને વચ્ચે ભેદભાવ ન રાખીએ બન્નેને સમાન તક આપીએ અને આપણા બાળકોનું જીવન ઉજ્જવળ બનાવવા તેને સાચી રાહ બતાવીએ જેથી ભવિષ્યમાં ગમે તેવી મુશ્કેલીઓ આવે તો તેનો સામનો કરી શકવાની શકિત તેમનામાં હોય. આજે દુનિયા બહુ ઝડપથી આગળ વધી રહી છે. આજના આ ઝડપી યુગમાં ટકી રહેવા માટે આપણી પાસે જ્ઞાન અને આવડત હોવા ખુબ જરૂરી છે જો આજના આ ઝડપી યુગના સમય પ્રમાણે આપણે નહી ચાલીએ તો આપણે બહુ પાછળ રહી જઈશુ અને કયારેય પણ આપણે જમાના સાથે કદમથી કદમ મીલાવીને ચાલી નહી શકીએ. માટે શિક્ષણ શા માટે જરૂરી છે તે પાસાઓ ઉપર વિચાર કરી આપણા બાળકને શિક્ષણ માટે પ્રેરણા આપીએ અને શા માટે તેને ભણવામાં રસ નથી તેનો અભ્યાસ કરી તેને ભણવા માટે રસ પડે તેવા પ્રયાસો કરીએ. કારણકે હવે પછીના સમયમાં જો શિક્ષણ નહી હોય તો માણસ પશુ સમાન જ ગણાશે. કારણ કે ઝડપથી બદલતી જતી આ દુનિયામાં હવે શિક્ષણ વગરનું બધુ જ નકામું છે. દરેક વાલી પોતાના બાળકના ભવિષ્ય વિશે વિચારતા જ હોય છે પછી એ ગરીબ હોય કે અમીર. પણ અમુક આર્થિક, સામાજીક પરિસ્થિતીને કારણે ઘણી વખત બાળકના શિક્ષણ ઉપર તેની અસર જોવા મળતી હોય છે. માટે ચાલો આજે આપણે સંકલ્પ કરીએ કે પરિસ્થિતી ગમે તેવી હોય, ગમે તે સંજોગોમાં આપણે આપણા બાળકને શિક્ષણ અપાવીશુ અને આજના આ આધુનિક યુગમાં તે બીજાઓ સાથે કદમથી કદમ મીલાવી ચાલી શકે તેવા પગભર કરીશુ પછી એ દીકરો હોય કે દીકરી.

***પરીશ્રમ કરવો તે જ પ્રાર્થના છે.***

## ખેતી ઉત્પાદનોમાં મુલ્ય સાંકળ

સૌરાષ્ટ્રમાં બાગાયતી પાકોમાં મુખ્યત્વે કેરીનાં પાક સાથે વધુમાં વધુ ખેડુતો જોડાયેલા છે. બાગાયતી પાકોમાં આવતા રોગ અને જીવાત નિયંત્રણ માટે ઝેરી જંતુનાશકોના ઉપયોગથી ઉત્પાદન વધે છે તેવી માન્યતા સાથે આરોગ્યને મોટું નુકસાન પહોચે છે. સંસ્થાએ આ પ્રકારે જંતુનાશકોનો ઓછો કે નહિવત્ત ઉપયોગ કરતા ગીર વિસ્તારના ખેત ઉત્પાદનોને બજારમાં એક અલગ માધ્યમથી મુકવા ચર્ચા કરી, જૈવિક દવાઓનાં ઉપયોગ તથા તે બનાવવા અંગે અને પ્રિ–હાર્વેસ્ટમાં જમીન માવજત અને બગીચાના રખરખાવ સંબંધી ખેડૂત તાલીમ કરી. ખેડૂતો સંગઠીત થાય અને તેના ગુડ એગ્રીકલ્ચર પ્રેકટીસીસનુ સર્ટીફીકેશન મેળવી બજાર વ્યવસ્થા ગોઠવી શકાય તે માટે એક ખેડૂત મિત્રએ વર્ણવેલી વિગતો નીચે મુજબ રજુ કરતા મને આનંદ થાય છે.

સુખપુર ગામના ૩૫ વર્ષની ઉંમર ધરાવતા શ્રી અતુલભાઈ દેવજીભાઈ ચૌહાણ, (મો.નં. ૯૭૧૪૧ ૧૬૭૩૮) જણાવે છે કે અમારો ધંધો  ખેતી છે. કુટુંબના ૩ સભ્યો થકી મારી ૧૨ વિઘા જમીનમાં ખેતી કરું છું. કેરી ઉપરાંત અન્ય પાકોમાં ડુંગળી, કોબી, કપાસ, ચણા અને શાકભાજીનું વાવેતર કરું છું.  ૫ વિઘામાં કેસર કેરીના ૧૨૫ વૃક્ષો છે. વૃક્ષ દીઠ ઓછામાં ઓછુ ૪ થી ૫ મણ અને વધુમાં વધુ ૧૮ મણ ઉત્પાદન થાય છે. આંબામાં હું પહેલા ડીસેમ્બર



**મહેનત એ એવી સોનેરી ચાવી છે જે ભાગ્યના દ્વાર ઉઘાડી નાખે છે.**

માસમાં ચુસીયા પ્રકારની દવાનો ઉપયોગ કરતો હતો, જેનો ખર્ચ મારે ૮૦૦૦ થી ૧૧૦૦૦ સુધીનો થતો હતો, પરંતુ હું છેલ્લા ૪ મહિનાથી એનપીએમ પ્રોજેકટમાં જોડાયેલો છુ અને આ સમય દરમ્યાન હું બે તાલીમ, ત્રણ મીટીંગ અને વર્કશોપમાં હાજર રહેલ છું. તાલીમમાં ગૌમુત્ર તેમજ લીમડો, આંકડો, સિતાફળી, લસણ, તીખી લીલી મરચી, ગાયનું છાણ વગેરેનું બાયોપેસ્ટિસાઈડ અને જૈવિક ખાતર કઇ રીતે બનાવવુ અને તેનો ઉપયોગ કઇ રીતે કરવો તે શીખવા મળ્યુ અને આ વર્ષે થોડા દિવસો પહેલા જ મે આંબામાં બાયોપેસ્ટિસાઈડ અને ગૌમુત્રનો છંટકાવ કર્યો જેથી મારે આંબામાં જે ફાલ વહેલો આવેલ છે તેમાં સફેદ ફુગથી ફાલ દર વર્ષે ૫૦% જેટલો ખરી જતો અથવા તો સારો વિકાસ થતો નહી. આ વર્ષે ગૌમુત્રના છંટકાવથી ફાલ ખુબ જ સારો અને જેટલો વિકાસ થવો જોઈએ તેટલો જ વિકાસ પુરતા પ્રમાણમાં થયેલ છે. આ વર્ષે એક આંબા દીઠ ઓછામાં ઓછું ઉત્પાદન ૮ મણ અને વધારેમાં વધારે ૨૦ મણ ઉપર થશે જ. સાથે સાથે એવું પણ કહીશ કે હું કોઇપણ રાસાયણિક દવાનો ઉપયોગ કરીશ નહી. ઉપરાંત અમે ૫ વ્યકિતઓના નાના સમૂહ મારફતે માટી પરિક્ષણ, એગ્રીકલ્ચર ઈનપુટ અને બજાર વ્યવસ્થાની ચર્ચા કરીએ છીએ. જેને લઈ અમે એક કંપનીનું નિર્માણ કરવા જઈ રહયા છીએ.



**વારંવાર પ્રયત્ન કરવાથી અસંભવ પણ સંભવ બની જાય છે.**

## આજની ખેતીની પરિસ્થિતી

આપણા દેશને ખેતી પ્રધાન દેશ તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે આપણા દેશના મોટા ભાગના લોકો ગામડામાં રહે છે અને ગામડાનો મુખ્ય ધંધો ખેતીનો હોય છે. ગામડાના મોટા ભાગના લોકો ખેતી પર આધાર રાખતા હોય છે ત્યારે આજે ખેડુતોનું ખેતી ધંધા પ્રત્યેનું વલણ અને રસ ઘટતા જાય છે. યુવાન મહેનતું શિક્ષિત સારા પ્રગતિશીલ ખેડુતો ખેતી કરવા તૈયાર નથી. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉતર ગુજરાતનો યુવાન ખેડુત વર્ગ ખેતી છોડીને શહેર તરફ જવા લાગ્યો છે. ખેતી ભગવાન ભરોસે, ભાગવડીએ, ઉચ્ચક રકમે, વડિલોને સોંપીને કે પડતર મુકીને યુવાન અને કાર્યક્ષમ ખેડુત શહેરમાં માસિક ૪૦૦૦ થી ૬૦૦૦ રૂપિયાની નોકરી શોધે છે. ખોલી જેવા ભાડાના મકાનમાં રહે છે અનાજ, ઘી, તેલ ગામડેથી મંગાવે છે ગામડામાં રહયા સહયા વડિલો ખેતરે દેખરેખ રાખવા જઈ શકતા નથી. આજે ખેતી છોડીને શહેર તરફનો પ્રવાસ અને પરિસ્થિતી ઉભી થતી જાય છે. જે ચિંતા ઉપજાવે છે. ખેતીમાં કૃષિ ટેકનોલોજી અને કાર્યકુશળતા થોક બંધ પ્રાપ્ય છે. કૃષિ તજજ્ઞતા (ટેકનોલોજી) અને કુશળતાનો ઉપયોગ કરી શકે તેવા યુવાનોને ખેતીમાં રસ નથી. એક સમય એવો હતો કે ખેતી હોવી અને ખેતી કરવી એ એક સામાજીક દરજજો અને મોભો ગણાતો હતો. આજે ગામડામાં રહીને ખેતી કરનાર ૫૦–૧૦૦ વિઘાની ખાતેદારને ત્યાં કોઈ દીકરી દેવા કે સંબંધ કરવા તૈયાર નથી. ખેતી પ્રત્યેનું યુવાનોનું નકારાત્મક વલણ સાથે સામાજીક અને આર્થિક પરિસ્થિતીનો અભ્યાસ કરવાની જરૂરીયાત છે. ઉતમ ખેતીને તિલાંજલી શા માટે આપે છે ? ઉતમ ખેતી કહેવા પુરતી જ રહી છે. ખેતીની જમીન કાળા નાણા સાચવવાનું ગોડાઉન બનતી જાય છે. સરદાર સરોવર અને અન્ય સિંચાઈ યોજનાઓનું પાણી જયારે ખેતરે પહોંચશે ત્યારે પાણીનો ઉપયોગ કરનાર ખેડુત ખેતરે હાજર નહી હોય. આ વસ્તુ ભલે આજે વિચારોના સ્વપ્ના જેવી લાગે પણ ઉભી થઈ રહેલી પરિસ્થિતીને ગંભીરતાથી વિચારવાની જરૂર છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉતર ગુજરાત ગામડાની શેરીઓમાં આંટો લગાવશો તો કેટલાકં મકાનોએ તાળા મારેલા જોવા મળશે. ગામડામાં રહેતા વડીલોએ માસિક ટીફીન બંધાવેલા છે. યુવાનો વડિલોની સાર સંભાળ રાખવા ગામડે રહેવા તૈયાર નથી. આમ આ ખેતી પ્રત્યેની ઉભી થઈ રહેલી પરિસ્થિતીનો અભ્યાસ કરવા જેવો છે. ખેતી ઉતમ, સ્વતંત્ર, અને મોભાવાળો ધંધો હોવા છતા કહેવાતો "જગતનો તાત" ખેડુત ખેતીના ધંધાર્થી શા માટે વિમુખ થતો જાય છે? તેના વિગતવાર કારણો જાણવાની જરૂરીયાત છે. શહેરમાં વસતા ખેડુતોને ગામડે લાવવા અને ખેતી કરતા કરવા પડશે. જેથી ખેતી સધ્ધર થશે. અને ખેતી સધ્ધર હશે તો ઉદ્યોગનો આપોઆપ વિકાસ થશે. ખેતીપ્રધાન અને ગામડાના ભારત દેશને ભાંગતો અટકાવવા ખેડુત અને ખેતીને બચાવવા પડશે. જેથી દેશ બચી શકે.

***આજે જે પુરૂષાર્થ છે તે જ કાલનું ભાગ્ય છે.***

## મારુ કરવા કરતા

મારુ કરવા કરતાં,
લેને કંઈક સારુ કરી જાવ,
કંઈક શીખવાની દ્રષ્ટિએ,
કઈ દિશામાં જાવ,
મારુ કરવા કરતા, લેને કંઈક સારુ કરી જાવ,
લોકોના ટોળા જોઈને,
મનને થયુ લેને તેમાં ભળી જાવ,
મારુ કરવા કરતા,
લેને કંઈક સારુ કરી જાવ,
ભ્રષ્ટાચાર, લાંચ, રુશવતો,
લેનારને નડી જાવ,
મારુ કરવા કરતા,
લેને કંઈક સારુ કરી જાવ,
લોક કલ્યાણ, લોક જાગૃતિ કામ માટે,
લેને કોઈ સંસ્થામાં સંકળાઈ જાવ,
મારુ કરવા કરતા,
કંઈક સારુ કરી જાવ,
કંઈક સારુ કરવાની ભાવનાથી,
આ સંસ્થામામાં જોડાઈ જાવ,
મારુ કરવા કરતા ,
લેને કંઈક સારુ કરી જાવ

**– ગોરધન વાઘેલા**

## ખીલના ઘરેલુ ઉપચાર

૧. મુળાના પાનનો રસ મો પર લગાડવાથી અઠવાડીયામાં ખીલ મટે છે.

૨. દુધની મલાઈ સાથે મીંઢળ ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.

૩. જાયફળને દુધની મલાઈમાં ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.

૪. નારંગીની છાલ મો પર ઘસવાથી ખીલ મટે છે.

૫. નાળીયેરનું દુધ કાળીજીરી સાથે મેળવી લસોટી ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.

૬. છાસ વડે મો ધોવાથી ખીલના ડાઘા, મો પરની કાળાશ દુર થાય છે.

૭. લીલા નાળીયેરનું પાણી રોજ પીવાથી ખીલ મટે છે.

૮. તુલસીના પાનના રસમાં લીંબુનો રસ અથવા આદુનો ઉમેરી મોઢા પર લગાડવાથી અને સુકાઈ જાય પછી પાણીથી ધોઈ નાખવાથી મોઢા પરના કાળા ડાઘ મટે છે.

૯. પાકા ટમેટાને કાપીને તેની ચીર ખીલ પર ધીરે–ધીરે લગાડીને થોડી વાર સુકાવા દો ત્યારબાદ સહેજ ગરમ પાણીથી સાફ કરવાથી ખીલ મટે છે.

૧૦. કાચા પપૈયાને કાપવાથી જે દુધ જેવુ પ્રવાહી નીકળે તે ખીલ પર દરરોજ થોડા દિવસ લગાડવાથી ખીલ કાયમ માટે જડમુળથી મટી જાય છે.

***સાચો પ્રયાસ કદી નિષ્ફળ જતો નથી.***

**Happy Birthday**

| | | |
|---|---|---|
| 1 | Bharat Titiya | 01-02-1967 |
| 2 | Nimisha Patel | 13-02-1984 |
| 3 | Nilam Rathod | 17-02-1990 |

**Engage on this month**

| | |
|---|---|
| 1-2 | Health camp at Naliyerimoli and Untvala Tal. Una |
| 3 | SSKK Core Group Meeting at Amreli office |
| 7 | BCI review and plannig meeting Ahmedabad |
| 8 | LAMP review and plannig meeting Ahmedabad |
| 11 | FPO formation meeting at Govindpur Tal. Dhari |
| 15 | Lunch meeting of partners with AIF leadership at Gandhinagar |
| 17 | BCI staff training at Amreli |
| 18 | Mahila farmers meeting at Hadala |
| 19 | Board meeting of Avirat agro producer company. |
| 20 | GUJPRO AGM at Ahmedabad |
| 22 | LAMP citizen educator training at Aamreli |
| 22 | Start training on Handicraft and Mahendi Eyebrow at Vadia & Ujala |
| 24 | SPV, MSP & FPO Meeting at Ahmedabad |
| 29-30 | LAMP training at Sayala |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**આત્મવિશ્વાસ સફળતાનું પ્રથમ રહસ્ય છે.**